# અગ્રતા ક્રમાંક.૧૫

અનિકેતભાઈ ઠાકર (પાલનપુર)

**પ્રશ્ન**

વન જમીનના ડાયવર્ઝન માટે કઈ શરતોના આધારે ફાળવણી કરવામાં આવે છે ?

**જવાબ :**

વિકાસનાં કામો, માળખાકિય સુવિધાઓ વિગેરે હેતુઓ માટે વન જમીનની માંગણીની અનિવાર્યતા ચકાસીને વન જમીનના ડાયવર્ઝન માટે ભારત સરકારશ્રીનાં વન સંરક્ષણ ધારા–૧૯૮૦ (FCA)ની કાયદાકીય જોગવાઇ, નિયમો અને ગાઇડલાઇન પ્રમાણે ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની થાય છે. આ માટે મુખ્ય નિયમો જોઇએ તો..

(૧) પ્રથમ તો આ કાયદા હેઠળ ડાઇવર્ટ થતી જમીનનું લીગલ સ્ટેટ્સ બદલાતું નથી. એટલે કે, વન જમીન માંગણીદાર સંસ્થાના નામે થતી નથી. માત્ર વપરાશના હક્કો અપાય છે.

- ૭/૧૨માં જમીનનું સ્ટેટસ ફોરેસ્ટ તરીકે ચાલુ રહે છે.
- માલિકીનો હક મળતો નથી. માત્ર વપરાશનો હક છે.
- લોન/મોર્ગેજ મળી શકતો નથી.

(૨) કાયદાની જોગવાઇઓ હેઠળ વળતર વનીકરણ માટે જમીનના બદલામાં જમીન અને વૃક્ષોના બદલામાં વૃક્ષો દ્વારા નુકશાનીના વળતરની જોગવાઈ કરવામાં આવી છે.

- વળતર વનીકરણ માટે પ્રતિ હેકટર આશરે રૂ.૬.૫૦ લાખ લેવામાં આવે છે.

(૩) વળતર વનીકરણ માટે ડાયવર્ટ થતી વન જમીન માટે તેટલી જ, વનનો ઉછેર થઇ શકે તેવી બિન જંગલની જમીન યુઝર એજન્સી દ્વારા વન વિભાગને સુપ્રત કરવાની થાય છે. અને તેના ઉપર વનીકરણ માટે થનાર ખર્ચ યુઝર એજન્સી દ્વારા ભરપાઇ કરવાના થાય છે. વળતર વનીકરણ માટે મળેલ બીન જંગલ જમીન વન વિસ્તાર તરીકે જાહેર કરવાની થાય છે.

(૪) નામદાર સુપ્રીમ કોર્ટના વર્ષ ૨૦૦૮ ના હુકમ મુજબ માંગણી થયેલ વન જમીનની પ્રતિ હેકટર નેટ પ્રેઝન્ટ વેલ્યુ યુઝર એજન્સીએ ભરપાઇ કરવાની થાય છે. જે વનોના વર્ગીકરણ અને ઘનતાના આધારે રૂ. ૬.૭૦ લાખ થી રૂ.૧૫.૯૫ લાખ પ્રતિ હેક્ટર સુધી રહે છે.

આ ઉપરાંત વન, વન્યપ્રાણી અને પર્યાવરણના રક્ષણ અને સંરક્ષણ માટે જરૂરી જણાય તો વધારાની શરતો પણ મુકવામાં આવે છે.

# પૂરક નોંધ

વન વિસ્તારમાં મુખ્યત્વે ત્રણ કાયદાઓ હેઠળ વિકાસના કામો જેમાં જાહેર રસ્તાઓનો પણ સમાવેશ થાય છે. જેની મંજુરીઓ આપવામાં આવે છે.

| અ. નં. | કાયદો | મંજુરીની સત્તા |
|---|---|---|
| ૧ | વન અધિકાર અધિનિયમ -૨૦૦૬ | જિલ્લા સ્તરેથી |
| ૨ | વન (સંરક્ષણ) ધારા - ૧૯૮૦ | ભારત સરકારશ્રીની પૂર્વ મંજુરી મેળવવાની થાય છે. |
| 3 | વન્યપ્રાણી (સંરક્ષણ) અધિનિયમ-૧૯૭૨ | નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની મંજુરી મેળવવાની થાય છે. |

## વન અધિકાર અધિનિયમ-૨૦૦૬

- **બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ રસ્તાની કુલ-૧૩ દરખાસ્તો નાયબ વન સંરક્ષકશ્રી બનાસકાંઠાને મળેલ હતી. તમામ દરખાસ્તોને મંજુરી આપવામાં આવેલ છે.**

## વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦

- બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ (FCA) હેઠળ કુલ-૨ દરખાસ્તો નાયબ વન સંરક્ષકશ્રી બનાસકાંઠાને મળેલ હતી.
- દરખાસ્ત (૧) યુઝર એજન્સી માર્ગ અને મકાન વિભાગની ગબ્બર તળેટી સર્કલથી ગબ્બર સર્કલ રોડ સુધી ૧૬૬/૫૨૦ કિમી. થી૧૬૯/૦૧૫ કિમી. રોડ (એસએચ-૫૪) ને રોડ વાઈડનીંગ કરવા માટે રોડ વાઈડનીંગ માટેની ૫.૦૫૨ હેક. ની દરખાસ્તમાં ૧.૬૩૨૧ હેક. પ્રોટેક્ટેડ ફોરેસ્ટ તેમજ ૩.૪૨૦૨ હેક. રીઝર્વ ફોરેસ્ટનો સમાવેશ થાય છે.
- રીઝર્વ ફોરેસ્ટની માંગણીવાળા વિસ્તારની સામે વળતર વનીકરણ માટે સુચવવાની થતી બિન-જંગલ જમીન યુઝર એજન્સી દ્વારા નક્કી કરવામાં આવેલ નથી.
- તેમજ પ્રોટેક્ટેડ ફોરેસ્ટ તરીકે જાહેર થયેલ દરખાસ્તમાં કાપવાના થતા ઝાડ અંગે માર્કીંગ ખરડા તૈયાર કરવાની કામગીરી ચાલુ છે.
- યુઝર એજન્સી દ્વારા માંગણી કરવામાં આવેલ ૩.૪૨૦૨ હેક.વિસ્તાર બાલારામ-અંબાજી વન્યપ્રાણી અભયારણ્યનો ભાગ હોઈ તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની ૨૨ મી મીટીંગમાં પ્રસ્તુત દરખાસ્તને નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની મંજુરી માટે ભલામણ કરવામાં આવેલ છે.

(2) દરખાસ્ત નં. ૨

- યુઝર એજન્સી માર્ગ અને મકાન વિભાગની ચિત્રાસણી બાલારામ અંબાજી રોડ કિ.મી.૧૨૦/૦૦ થી કિ.મી.૧૨૩/૮૦૦ સુધી ૭ મીટરમાંથી ૧૦ મીટર સુધી રોડ પહોળો કરવા માટેની ૩.૧૮૪૦ હેક્ટરની દરખાસ્ત યુઝર એજન્સી દ્વારા તા.૧૩/૦૭/૨૦૨૩ ના રોજ ઓનલાઈન કરવામાં આવેલ છે.
- જે દરખાસ્તમાં નાયબ વન સંરક્ષકશ્રી, સામાજીક વનીકરણ વિભાગ દ્વારા માંગવામાં આવેલ વિગતો પુરી પાડવામાં આવેલ નથી.
- પ્રસ્તુત દરખાસ્ત હાલ પરિવેશ પોર્ટલ ઉપર નવા નિયમ મુજબ ૯૦ દિવસ સુધીમાં પૂર્તતા ન કરવાનાં કારણે.
- આ ઉપરાંત દાંતા અને અમીરગઢ તાલુકામાં વર્ષ ૨૦૨૨ તથા ૨૦૨૩માં વન અધિકાર અધિનિયમ – ૨૦૦૬ હેઠળ શાળાઓ માટે કુલ - ૩ દરખાસ્ત, વિદ્યુત અને દુર સંચાર લાઇન માટે – ૪ દરખાસ્ત, પીવાનાં પાણીની લાઇન માટે – ૦૧ દરખાસ્ત, રસ્તાઓ માટે – ૧૩ દરખાસ્ત એમ કુલ – ૨૧ દરખાસ્તોને મંજુરી આપેલ છે.

## વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ તમામ ૧૩ દરખાસ્તોને મંજુરી આપવામાં આવેલ છે.

| અ. નં. | તાલુકો | ગામ | રોડનું નામ | સર્વે નંબર | વિસ્તાર હેકટર | વિભાગીય કચેરીએ મળ્યા તારીખ | મંજુર થયેલ દરખાસ્ત નંબર અને તારીખ | | વર્ષ |
|---|---|---|---|---|---|---|---|---|---|
| 1 | અમીરગઢ | રાજપુરીયા | રાજપુરીયા મેટલ સીસી રોડ | 19 (Old 9) | 0.5500 | 10/2/2022 | JMN-15-B-8906-11 | 22-02-22 | 2022 |
| 2 | અમીરગઢ | ઇસવાણી (કીડોતર) | ઇસવાણી(કીડોતર) મેટલ સીસી રોડ | 70 (Old 84) | 0.0280 | 14/7/2022 | JMN-15-B-4310-15 | 22-07-22 | 2022 |
| 3 | અમીરગઢ | ગઢડા | કન્સ્ટ્ર. ગઢડા એપ્રોચરોડ | 238 (Old 4pt) | 0.3600 | 13/10/2022 | JMN-15-B-8073-78 | 15-10-22 | 2022 |
| 4 | અમીરગઢ | કેંગોરા | કન્સ્ટ્ર. કેંગોરા એપ્રોચ સીસી રોડ | 97 | 0.3740 | 13/10/2022 | JMN-15-B-8443-48 | 20-10-22 | 2022 |
| 5 | દાંતા | હરીવાવ | કન્સ્ટ્ર. હરીવાવ એપ્રોચરોડ | 11 pt. | 0.20 | 21/11/2022 | JMN-15-B-9292-97 | 28-11-22 | 2022 |
| 6 | દાંતા | વશી | કન્સ્ટ્ર. વશી ટુ (જાંબુફળી) એપ્રોચરોડ | 35pt | 0.70 | 21/11/2022 | JMN-15-B-9298-9303 | 28-11-22 | 2022 |
| 7 | અમીરગઢ | ભાયલા | ભાયલા એપ્રોચ સીસી રોડ | Old 53 | 0.7080 | 11/10/2022 | JMN-15-B-9686-91 | 09-12-22 | 2022 |
| 8 | દાંતા | ડાભચિત્રા | કન્સ્ટ્ર. ગુડા ટુ ડાભચિત્રા એપ્રોચરોડ | 24pt | 0.4160 | 29/12/2022 | JMN-15-B-10685-91 | 07-01-23 | 2023 |
| 9 | દાંતા | ગુડા | કન્સ્ટ્ર. ગુડા એપ્રોચરોડ | Old 7pt | 0.9440 | 29/12/2022 | JMN-15-B-10679-84 | 07-01-23 | 2023 |
| 10 | દાંતા | ગઢ ચકુડા | કન્સ્ટ્ર.ગઢ ચકુડા એપ્રોચરોડ | Old 80 (New 108) | 0.6900 | 30/12/2022 | JMN-15-B-10793-98 | 11-01-23 | 2023 |
| 11 | અમીરગઢ | સોનવાડી | સોનવાડી એપ્રોચરોડ | 194pt | 0.2814 | 4/8/2023 | JMN-15-B-5827-32 | 07-08-23 | 2023 |
| 12 | અમીરગઢ | ઢોલીયા | કન્સ્ટ્ર.ગઢ ઢોલીયા એપ્રોચરોડ | Old 80 (New 170) pt | 0.4400 | 31/7/2023 | JMN-15-B-5837-42 | 09-08-23 | 2023 |
| 13 | અમીરગઢ | ડાભેલી | ડાભેલી એપ્રોચ રોડ | Old 44 (New 65) | 0.3750 | 10/11/2023 | JMN-15-B-8947-52 | 28-11-23 | 2023 |

➢ વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦

બનાસકાંઠા જિલ્લામાં દાંતા અને અમીરગઢ તાલુકામાં વન (સંરક્ષણ) ધારા-૧૯૮૦ હેઠળ નીચે મુજબ કુલ-૨ દરખાસ્તોનાયબ વન સંરક્ષકશ્રી બનાસકાંઠાને મળેલ હતી.જે પ્રક્રિયા હેઠળ છે.

| અ. નં. | વર્ષ | તાલુકો | દરખાસ્તનોવિષય | યુઝરએજન્સી | વિસ્તાર (હેક.) | રિમાર્ક્સ |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૨૦૨૨ વર્ષ 2022 | દાંતા | ગબ્બર તળેટી સર્કલથી ગબ્બર સર્કલ રોડ સુધી ૧૬૬/૫૨૦ કિમી. થી૧૬૯/૦૧૫ કિમી. રોડ (એસએચ-૫૪) ને રોડ વાઈડનીંગ કરવા માટે | કાર્યપાલક ઈજનેરશ્રી, પેટા વિભાગ, અંબાજી | **૧.૬૩૨૧ હેક.** (સા.વ., બનાસકાંઠા) **૩.૪૨૦૨ હેક.** (બનાસકાંઠા વન વિભાગ) **કુલ ૫.૦૫૨૩ હેક.** | તા.૨૪/૦૮/૨૦૨૩ ના રોજ મળેલ સ્ટેટ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની ૨૨ મી મીટીંગમાં પ્રસ્તુત દરખાસ્તને નેશનલ બોર્ડ ફોર વાઈલ્ડ લાઈફની મંજુરી માટે ભલામણ કરવામાંઆવેલ છે |
| ૨ | ૨૦૨૩ વર્ષ 2023 | અમીરગઢ | ચિત્રમણી બાલારામ અંબાજી રોડ ૧૨૦/૦૦ કિમી. થી ૧૨૩/૮૦૦ કિમી. સુધી૭.૦૦ મી. થી ૧૦.૦૦ મી. રોડને વાઈડનીંગ અને સ્ટ્રેંથનીંગ કરવા માટે | કાર્યપાલક ઈજનેરશ્રી, પેટા વિભાગ, અંબાજી | ૩.૧૮૪૯ | પ્રસ્તુત દરખાસ્ત હાલ યુઝર એજન્સી દ્વારા પુર્તતા કરવામાં આવેલ ન હોવાથી પરિવેશ પોર્ટલ ઉપર ડિલિસ્ટ થયેલ છે. DELISTED BY SYSTEM(date : 01/02/2024)છે. |

## વન અધિકાર અધિનિયમ-૨૦૦૬ હેઠળ રસ્તાઓ ઉપરાંત અન્ય કઈ-કઈ સુવિધાઓ માટે મંજુરી આપી શકાય છે ?

**ઉત્તર :** વન અધિકાર અધિનિયમ, ૨૦૦૬ હેઠળ નીચે મુજબની ૧૩ પ્રકારની માળખાકીય સુવિધાઓ મંજુર કરવા માટે જોગવાઈ કરવામાં આવેલ છે.

(૧) શાળાઓ

(૨) દવાખાનું અથવા હોસ્પિટલ

(૩) આંગણવાડીઓ

(૪) વ્યાજબી ભાવની દુકાન

(૫) વિધુત અને દુરસંચારની લાઈનો

(૬) તળાવ અને બીજા નાના જળાશયો

(૭) પીવાના પાણીનો પુરવઠો અને પાણીની પાઈપલાઇન

(૮) પાણી અથવા વરસાદનું પાણી એકત્ર કરવાના માળખા

(૯) નાની સિંચાઈની નહેરો

(૧૦) ઉર્જાના બિન પરંપરાગત સ્ત્રોતો

(૧૧) કૌશલ્ય વૃદ્ધિ અથવા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો

(૧૨) માર્ગો / ગ્રામ્ય રસ્તાઓ અને

(૧૩) સમુદાય કેન્દ્રો

ઉપરોક્ત માટે મહત્તમ એક હેકટરની મર્યાદામાં જંગલની જમીનની ફાળવણી કરી શકાય છે.